Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अतलादिसप्तकम्**–अतलं वितलं सुतलं तलातलं किल रसातलं चैव । पातालसप्तकमिदं महातलं चापि पातालम् ॥१॥ અતલ વગેરે સાત ભેદ પાતાલના છે. (૧) અતલ, (૨) વિતલ, (૩) સુતલ, (૪) તલાતલ, (૫) રસાતલ, (૬) મહાતલ અને (૭) પાતાલ.

**अतिदेशः**–स्वविषयमुल्लङ्घ्यान्यविषये उपदेशः ।—પોતાના વિષયનું અતિક્રમણ કરીને બીજા વિષયનો ઉપદેશ.

**अतिप्रसङ्गः**–यस्य बोधो यत्राभिमतस्तदन्यस्यापि बोधप्रसङ्गः ।—જે સ્થળે જેનો બોધ થવો જોઇએ એમ માનેલું છે, તે સ્થળે તેનાથી અન્યનો પણ બોધ થવાનો પ્રસંગ આવે તે અતિપ્રસંગ કહેવાય.

**अतिवाद**–નિરર્થક અતિશય લવારો કરવો તે.

**अतिव्याप्ति**–लक्ष्यवृत्तित्वेसत्यलक्ष्यवृत्तित्वमतिव्याप्तिः ।—જે લક્ષણ પોતાના લક્ષ્ય પદાર્થમાં વર્તે છે અને તે સાથે અલક્ષ્ય પદાર્થમાં પણ વર્તે છે તે અતિ–વ્યાપ્તિ. જેમ કોઇ માણસે ગાયનું લક્ષણ એવું કહ્યું કે " શીંગડાંવાલી હોય તે ગાય " ગાયને શીંગડાં હોય છે માટે શીંગડાંવાળી હોવાપણું (શૃંગિત્વ) લક્ષણ ગાયમાં તો છે, પણ જે ગાય નથી એવી અલક્ષ્ય જે ભેંશ તેમાં પણ તે લક્ષણ લાગુ પડી જાય છે, માટે એ લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું કહેવાય છે.

**अतिव्याप्त्यादिदोषत्रयम्**— લક્ષણમાં અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અને અસંભવ એવા ત્રણ દોષ ન હોવા જોઇએ. ( એ અતિવ્યાપ્તિ આદિ દોષોનાં લક્ષણ તે તે શબ્દોમાં જોવાં. )

**अतिशयतापः**–પોતાનાથી અતિશય વૈભવવાળા દેવતાઓને જોઇને જે સ્વર્ગમાં ગયેલાને પરિતાપ થાય છે. તેને ' અતિશયતાપ ' કહે છે.

**अतीतत्वम्**— वर्त्तमानध्वंसप्रतियोगित्वमतीतत्वम् ।—ઇદાનીં કાલ વિષે વર્તમાન જે ધ્વંસ છે, તે ધ્વંસનું જે પ્રતિયોગીપણું તેનું નામ અતીતત્વ. જેમ–આ કાળમાં ( વર્તમાન કાળમાં ) ઘટનો જે ધ્વંસ ( નાશ ), એ ધ્વંસનો પ્રતિયોગી જે નાશ થનારો ઘટ, તેને વિષે અતીતત્વ રહેલું છે. અર્થાત્ તે ઘટ ભૂતકાળમાં હતો, એમ કહેવાય છે.

**अतीन्द्रियम्**–લૌકિક ઇંદ્રિયોવડે જેનો સાક્ષાત્કાર થતો નથી એવું.

**अत्यंतनिवृत्तिः**–कारणसहितकार्यनिवृत्तिः । કારણ સહિત કાર્યની નિવૃત્તિ તે. જેમ જગતની અત્યંતનિવૃત્તિ એટલે જગત્ અને તેનું કારણ જે અવિદ્યા, એ બન્નેની નિવૃત્તિ.

**अत्यन्ताभाव**–नित्यः संसर्गाभावोऽत्यन्ताभावः ।—જે અભાવ નિત્ય હોય છે એટલે ઉત્પત્તિ વિનાશથી રહિત હોય છે, તથા સંસર્ગાભાવરૂપ હોય છે એટલે અન્યોન્યાભાવથી ભિન્ન અભાવરૂપ હોય છે, તે અભાવ અત્યંતાભાવ કહેવાય છે. અર્થાત્ જે વસ્તુ જે અધિકરણમાં કોઈ વખત પણ રહેતી નથી, તે વસ્તુનો સંબંધ કરીને તે અધિકરણમાં અત્યંતાભાવ રહે છે. જેમ વાયુ, આકાશ, વગેરેમાં રૂપ ગુણ કોઇ વખત પણ સમવાય સંબંધે કરીને રહેતો નથી, માટે વાયુ અને આકાશાદિકમાં રૂપ ગુણનો અત્યંતાભાવ રહે છે. એજ પ્રમાણે પૃથ્વીમાત્રમાં રહેનારા ગંધ ગુણનો પૃથ્વી સિવાય જલાદિક સર્વ પદાર્થોમાં અત્યંતાભાવ રહે છે; આકાશમાત્રવૃત્તિ શબ્દ ગુણનો આકાશ સિવાય સર્વત્ર અત્યંતાભાવ રહે છે; આત્મમાત્રવૃત્તિ જ્ઞાનાદિ ગુણોનો આત્મા સિવાય સર્વત્ર અત્યંતાભાવ રહે છે; મૂતદ્રવ્યમાત્રવૃત્તિ કર્મનો મૂર્ત દ્રવ્યને છોડીને સર્વત્ર અત્યંતાભાવ રહે છે; અને ભૂતલાદિકમાં ઘટાદિક કદાચિત્ સંયોગ સંબંધથી રહે છે માટે તે સંયોગ સંબંધે કરીને તે ઘટાદિકનો ભૂતલાદિકમાં અત્યંતાભાવ હોતો નથી પણ સામયિકાભાવ હોય છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંતાભાવ ઉત્પત્તિ–વિનાશથી રહિત હોવાથી નિત્ય પણ છે તથા અન્યોન્યાભાવથી ભિન્ન હોવાથી સંસર્ગાભાવરૂપ પણ છે, માટે અત્યંતાભાવનું ઉક્ત લક્ષણ સંભવે છે.

૨. त्रैकालिकसंसर्गावच्छिन्नप्रतियोगिताकोऽभावः—નિત્યસંસર્ગસંબંધવાળા પ્રતિયોગીનો અભાવ. જેમ–જળમાં ગંધ ગુણનો અત્યંતાભાવ છે. એ અભાવનો પ્રતિયોગી ગંધ છે. એ ગંધનો જળ સાથે હંમેશા સંસર્ગ હોતો નથી, માટે ગંધનો જળમાં અત્યંતાભાવ કહેવાય છે.

૩. પોતાના પ્રતિયોગીનો અસમાનાધિકરણ જે અભાવ તે અત્યંતાભાવ. જેમ પૃથ્વી વગેરેમાં ઘટનો અત્યંતાભાવ છે. તે પોતાનો પ્રતિયોગી જે ઘટ તેના અધિકરણથી ભિન્ન અધિકરણમાં રહે છે.

૪. જે વસ્તુ છેજ નહિ, તેનો પણ અત્યંતાભાવ કહેવાય છે. જેમ–વંધ્યાપુત્ર, શશશૃંગ, ઈત્યાદિનો અત્યંતાભાવ છે.

**अत्यन्तायोगव्यवच्छेदः**–જેમ 'नीलं सरोजं भवत्येव ' ( કાળું કમળ થાય છે જ ) એમાં ' एव ' (જ) પદવડે ' કાળું કમળ નથીજ થતું ' એ વાતનો નિરાસ કર્યો છે, તે અત્યંતાયોગવ્યવચ્છેદ છે.

**अदृष्टम्**–विधिनिषेधजन्यत्वे सत्यतीन्द्रियत्वम् ।–વિહિત કર્મ કરવાથી ધર્મ ઉત્પન્ન થાય છે અને નિષિદ્ધ કર્મ કરવાથી અધર્મ ઉત્પન્ન થાય છે. તે ધર્માધર્મ લૌકિક ઇંદ્રિયોથી ગમ્ય નથી માટે અતીંન્દ્રિય છે. તેથી તે ધર્માધર્મને અદૃષ્ટ કહે છે. એનું બીજું નામ ' અપૂર્વ ' છે.

**अदृष्टविशेषजन्यं (शरीरम्)**—જે શરીર કેવળ પુણ્યપાપરૂપ અદૃષ્ટવિશેષવડે ઉત્પન્ન થાય છે તે અદૃષ્ટવિશેષજન્ય કહેવાય છે. જેમ, સ્વર્ગમાં રહેલા દેવતાનાં શરીર તથા નરકનાં રહેલા નારકી જીવોનાં શરીર. તેમાં પુણ્યવિશેષસહકૃત પરમાણુઓથી દેવતાનાં અને પાપવિશેષસહકૃત પરમાણુઓથી નારકી જીવોનાં શરીરો ઉત્પન્ન થાય છે.

**अद्भुतः**-सिद्धस्य धर्मिणो धर्मान्तरावयवैर्योगः ।—સિદ્ધ એવા ધર્મીનો બીજા ધર્મીના અવયવો સાથે યોગ. ૨. વિસ્મય સ્થાયીભાવથી વ્યક્ત થતા રસનું નામ.

**अद्वैतम्**—સજાતીય, વિજાતીય, અને સ્વગત ભેદથી રહિત.

**अधमः**–भयदयालज्जाशून्यः ।—ભય, દયા અને લાજથી રહિત. ૨. ( કામશાસ્ત્રમાં ) કર્ત્તવ્ય–અકર્ત્તવ્યનો જેને વિચાર ન હોય તે.

**अधर्म**–दुःखासाधारणकारणं अधर्मः ।—દુઃખનું જે અસાધારણ કારણ તે અધર્મ કહેવાય છે. પ્રાણીઓને જે દુઃખ થાય છે તે અધર્મ વડેજ થાય છે. અધર્મ વિના દુઃખ પ્રાપ્ત થાય નહિ. માટે ઉક્ત લક્ષણ સંભવે છે.

૨. निषिद्धकर्मजन्यनरकजनकवृत्तिगुणत्वव्याप्यजातिमानधर्मः ।—શ્રુતિ–સ્મૃતિરૂપ શાસ્ત્રવડે નિષિદ્ધ જે હિંસાદિક કર્મ છે, તે નિષિદ્ધ કર્મોવડે જે વસ્તુજન્ય હોય છે તથા નરકની જનક હોય છે તે વસ્તુમાં વર્તનારી, તથા ગુણત્વજાતિ ( સામાન્ય )-ની વ્યાપ્ય જે ( અધર્મત્વ ) જાતિ છે, તે જાતિ ( સામાન્ય ) વાળો ગુણ તે અધર્મ કહેવાય છે.

૩. वेदादिनिषिद्धकर्मजन्यपापम् ।—વેદાદિએ નિષિદ્ધ ગણેલાં કર્મ ઉત્પન્ન થયેલું પાપ તે અધર્મ.

૪. बलवदनिष्टप्रयोजकत्वे सति वेद प्रमापितत्वम् ।—અત્યંત અનિષ્ટનો હેતુ હોઇને વેદમાં જેનો નિષેધ કરેલો છે તે અધર્મ.

૫. वेदबोधितानिष्टसाधनताकम् ।—વેદે કહેલું હોઇને જે અનિષ્ટનું સાધન હોય તે અધર્મ. જેમ–હિંસાયુક્ત અભિચાર કર્મો વેદે કહેલાં છતાં તે અનિષ્ટનાં હેતુ છે માટે તે અધર્મ છે.

**अधर्मपदार्थ**–( જૈન મતે ) જીવની સંસાર વિષે જે સ્થિતિ છે, તે સ્થિતિરૂપ

For Private And Personal Use Only